GJAN070008452015

सत्यमेव जयते

# તારાપુરના મહે.જયુડિશિયલ મેજિસ્ટ્રેસ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.તારાપુર

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ નંબર | ૧૮૧૦/૨૦૨૩ |
| આંક | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન | - |
| ફરિયાદી | ભાઇલાલભાઇ મગનભાઇ પરમાર ઉ.વ.પુખ્ત<br>રહે.ભાથીજી મહારાજનું ફળીયું, તા.તારાપુર, જિ.આણંદ |
| ફરિયાદ પક્ષે | વિ.વ.શ્રી એમ.એમ.શુકલ |
| આરોપી | (૧) રમેશભાઇ રતીલાલ બીન શંકરભાઇ પરમાર (એબેટ) ઉ.વ.પુખ્ત, રહે.ભાથીજી મહારાજનું ફળીયું, તા.તારાપુર, જિ.આણંદ<br>(૨) કોકીલાબેન તે કનુભાઇ રતીલાલ બીન શંકરભાર પરમારની વિધવા ઉ.વ.પુખ્ત<br>રહે.ભાથીજી મહારાજનું ફળીયું, તા.તારાપુર, જિ.આણંદ<br>(૩) મનહરભાઇ છોટાભાઇ પરમાર (એબેટ) ઉ.વ.પુખ્ત<br>રહે.તારાપુર, હે.પંચાયત ઘર સામે, તા.તારાપુર<br>(૪) મનુભાઇ સોમાભાઇ પરમાર ઉ.વ.પુખ્ત<br>રહે.તારાપુર, હે.પંચાયત ઘર સામે, તા.તારાપુર<br>(૫) તલાટી કમ મંત્રીશ્રી ઉ.વ.પુખ્ત<br>તારાપુર ગ્રામ પંચાયત, તારાપુર |
| બચાવ પક્ષે | વિ.વ.શ્રી જી.ડી.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ | - |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | - |
| આખરી અહેવાલની તારીખ | - |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ | નિર્દોષ |



સહી/-

## –: આરોપીની વિગત :–

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રમેશભાઇ રતીલાલ બીન શંકરભાઇ પરમાર (એબેટ) | – | – | ઇ.પી.કોડની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ | નિર્દોષ | – | – |
| (૨) | કોકીલાબેન તે કનુભાઇ રતીલાલ બીન શંકરભાર પરમારનીવિધવા | – | – | ઇ.પી.કોડની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ | નિર્દોષ | – | – |
| (૩) | મનહરભાઇ છોટાભાઇ પરમાર (એબેટ) | – | – | ઇ.પી.કોડની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ | નિર્દોષ | – | – |
| (૪) | મનુભાઇ સોમાભાઇ પરમાર | – | – | ઇ.પી.કોડની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ | નિર્દોષ | – | – |
| (૫) | તલાટી કમ મંત્રીશ્રી | – | – | ઇ.પી.કોડની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ | નિર્દોષ | – | – |

## –:: ચુકાદાનું પરિશિષ્ટ ::–

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

(અ) ફરિયાદ પક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક | તારીખ |
|---|---|---|---|---|
| (૧) | ભાઇલાલભાઇ મગનભાઇ પરમાર | ફરિયાદી | ૯૧ | ૧૬/૦૬/૨૬<br>૨૩/૦૬/૨૬ |

(બ) બચાવ પક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| સાહેદ નં.૧ | બચાવ પક્ષે કોઇ સાહેદ તપાસેલ નથી | – |

(ક) અદાલત દ્ધારા

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| સાહેદ નં.૧ | બચાવ પક્ષે કોઇ સાહેદ તપાસેલ નથી | – |

ફરિયાદી/બચાવ/અદાલત દ્ધારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

(અ) ફરિયાદ

| અનુ.નં. | વર્ણન | આંક | તારીખ |
|---|---|---|---|
| (૧) | – | – | – |

 સહી/–

(બ) બચાવ

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | – | – |

(ક) ન્યાયાલય

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | – | – |

(ડ) ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | – | – |

## – :: ચુકાદો :: –

**ફરિયાદ પક્ષની ટુંકમાં હકીકત:–**

(૧) હાલના કામે ફરિયાદી દવારા આરોપીઓ સામે ખાનગી ફરિયાદ તરીકે દાખલ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી તથા આરોપી નં.૧ અને ૨ વચ્ચે કુટું બી સંબંધો હોય અને તેઓની વચ્ચે તારાપુર ગામની સીમમાં આવેલ ખેતીની જમીન રે.સ. નં.૨૬૮૭ ક્ષેત્રફળ ૦–૯૮–૧૪ વાળી ખેતીની જમીન સંયુકત માલીકીની હતી જેમાં ફરિયાદી તથા અન્ય સહહિસ્સેદારોના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતા હતા. વધુમાં ફરિયાદી જણાવે છે કે, અત્યારસુધી સદર મિલકતમાં કોઈ કાયદેસર વ્હેચણી કે ભાગ પડેલ નથી.

(૨) ફરિયાદીનો ફરિયાદમાં એવો આક્ષેપ છે કે, આ કામના આરોપી નં.૧ થી ૫ નાઓએ એકબીજા સાથે મળીને ફરિયાદી તથા અન્ય સહહિસ્સેદારોને સદોષહાનિ પહોંચાડવા તથા ફરિયાદીનો હિસ્સો પચાવી પાડવાના બદઈરાદાથી ગુનાહિત કાવતરૂ રચ્યું હતું. તે વાતરાના ભાગરૂપે રૂા.૫૦/– ના સ્ટેમ્પ ઉપર સંમંતિ જવાબ

નામનો ખોટો દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હતો. વધુમાં ફરિયાદીના નામની જગ્યાએ ખોટી રીતે ફરિયાદીને દર્શાવવી ખોટી સહીસિકકા દર્શાવવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે.

(૩) ફરિયાદીનો વધુ આક્ષેપ એવો છે કે, સંમંતિ જવાબમાં અમુક એવા વ્યકિતઓને જીવીત દર્શાવવામાં આવ્યા હતા જેઓ અગાઉ અવસાન પામ્યા હતા. તે પૈકી તખતસંગ રમણભાઈ પરમારનું અવસાન તા.૧૭/૦૪/૧૯૯૩ ના રોજ થયેલું હોવા છતાં અને આશાભાઈ અભેસંગભાઈ પરમારનું અવસાન તા.૦૨/૦૧/૨૦૦૯ ના રોજ થયેલું હોવા છતાં, તેમના નામે સંમંતિ જવાબ તૈયાર કરી સહી સિકકો દર્શાવવામાં આવ્યા હતાં. ફરિયાદી મુજબ આરોપી નં.પ તલાકી કમ મંત્રી હોવા છતાં પોતાની ફરજનો દૂરઉપયોગ કરી ખોટા સંમંતિ જવાબ તથા ખોટા રેકર્ડની તૈયારીમાં સહભાગી થઈ અને સહી સિકકા કરી રેવન્યુ રેકર્ડમાં ફેરફાર કરાવવામાં મદદરૂપ થયેલ છે.

(૪) વધુમાં ફરિયાદી ફરિયાદમાં જણાવેલ છે કે, ઉપરોકત ખોટા દસ્તાવેજોના આધારે રેવન્યુ સર્વે નં.૨૬૮૭ ના રેવન્યુ રેકર્ડ માંથી ફરિયાદી તથા અન્ય સહહિસ્સેદારોના નામ કમી કરાવવામાં આવ્યા હતાં. ફરિયાદીને તા.૦૩/૦૮/૨૦૦૯ ના રોજ મામલતદાર કચેરીમાં થી વિગતો તથા કાગળો મેળવતા ઉપરોકત હકીકતોની જાણ થઈ હતી. ત્યારબાદ ફરિયાદીએ તારાપુર પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિક્ષકશ્રી, આણંદને લેખિત ફરિયાદ આપેલી હોવા છતાં પોલીસ દવારા કોઈ કાર્યવાહી ન થતા ફરિયાદીએ હાલની ફરિયાદ આરોપીઓ

વિરૂદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે.

**તહોમત ઘડતા પહેલાનો પુરાવો અને તહોમત ઘડ્યું:–**

(૫) હાલના કેસમાં ફરિયાદ દાખલ થયા બાદ તથા ગુનાનું સંજ્ઞાન લીધા પછી આરોપીઓ વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરતા સદર આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતા, આ પોલીસ રીપોર્ટ સિવાય અન્ય રીતે દાખલ કરાયેલ વોરંટ ટ્રાયેબલ કેસ હોવાથી ફરિયાદીને તહોમત ઘડતા પહેલાનો પુરાવો રજુ કરવા જણાવવામાં આવ્યું હતું તથા ફરિયાદીના પ્રી ચાર્જ એવિડન્સ રેકર્ડ કરવામાં આવેલ હતા.

ફરિયાદી ભાઈલાલ મગનલાલ પરમારે આંક–૯૧ થી પોતાની તપાસ કરી પ્રથમદર્શનીય કેસ અને આગળ વધવા માટે પુરતા કારણ અને રેકર્ડ ઉપર દસ્તાવેજો ધ્યાને લેતા, આ કોર્ટ દવારા આંક–૯૬ થી કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબ આંક–૯૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ હતું. આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓને તહોમત સમજાવવામાં આવતા તેઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવી કેસ ચલાવવાની માંગણી કરેલ.

રેકર્ડ મુજબ આરોપી નં.૧ રમેશભાઈ રતીલાલ શંકરભાઈ પરમાર તથા આરોપી નં.૩ મનહરભાઈ છોટાભાઈ પરમારનું અવસાન થયેલ હોવાથી તેમના વિરૂધ્ધ કાર્યવાહી એબેટ થયેલ ગણવામાં આવે છે. હાલનો ચુકાદો બાકી રહેલા અન્ય આરોપીઓ બાબતે આપવામાં આવે છે.

**ફરિયાદ પક્ષનો પુરાવો (તહોમત ઘડયા પછી) :-**

(૬) ફરિયાદ પક્ષ દવારા ફરિયાદીએ જે આંક-૯૧ ની સરતપાસની હકીકતોને એડોપ્ટ કરેલ છે. ફરિયાદી સરતપાસમાં જણાવે છે કે, આ કામના આરોપી નં.૧ અને ૨ તેમના કુટુંબી થાય છે. આરોપી નં.૧ અવસાન પામેલા છે. મોજે તારાપુરની સીમમાં આવેલ સર્વે નં.૨૬૮૭ વાળી જમીનમાં ફરિયાદી તેમજ અન્ય કુટુંબીજનોનું સંયુક્ત રીતે નામ ચાલતું આવેલું, જેમાંથી ફરિયાદીનું નામ કમી થઇ જતા ફરિયાદીએ તેની તપાસ કરતા રેવન્યુ દફતર કઢાવતા જે ફેરફાર નોંધથી નામ કમી થયેલું તે ફેરફાર નોંધ સામે આર.ટી.એસ. અપીલ કરેલી અને તે આર.ટી.એસ. અપીલ અનુસંધાને હુકમ થતા ફરિયાદીનું નામ પુનઃસ્થાપિત થઇ ગયેલું. સદર સર્વે નં.૨૬૮૭ માં ફરિયાદીનું નામ કેવી રીતે કમી થયેલું તેની તેમને કોઇ જાણ નથી કે તેમાં કોઇ ગેરરીતિ થયેલ હોય તેવું પણ તેમના ધ્યાનમાં આવેલું નહીં. હાલના આરોપીઓ સાથે ફરિયાદીને કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ છે.

સદર ફરિયાદીની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેમને કોઇ બનાવ બાબતે જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, તેમને આરોપીઓ સાથે કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલું છે. એ વાત ખરી છે કે, સદરહુ સર્વે નંબર હાલમાં કબ્જેદાર તરીકે તેમનું નામ ચાલું છે. એ વાત ખરી છે કે, સદરહુ સર્વે નંબર વાળું ખેતર તેમના કબ્જા ભોગવટામાં છે જેમાં તેઓ ખેતી કે છે. એ વાત ખરી છે કે, સદરહુ સર્વે નંબર વાળી જમીન તેમને આરોપીઓ સાથે કોઇ તકરાર રહેતી નથી.

ફરિયાદ પક્ષ તરફે આંક-૧૦૧ થી કલોઝિંગ પુરસીસ રજૂ રાખી આ કામે વધારાના કોઈ પુરાવા રજૂ કરવા નથી તેવી હકીકત જાહેર કરેલ છે.

 સહી/-

**આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવ પક્ષનો પુરાવો તથા દલીલો :–**

(૭) ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ નોંધવા લાયક પુરાવો ન જણાતા વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપી પક્ષ દવારા તેમના બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

હાલના કામે અંતિમ સુનાવણીના તબકકે ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ.

**પોઈન્ટ ઓફ ડિટરમિનેશન**

(૮) આ કામે સદરહુ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકબીજાની સાથે મળીને ગુનાહીત કાવતરૂ રચી, તારાપુરની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નં.૨૬૮૭ ના સટેમ્પ પેપર ઉપર ખોટો સંમંતિ જવાબ તથા સંબંધિત ખોટા દસ્તાવેજો તૈયાર કરી મૃત્યુ પામેલ વ્યકિતઓને જીવીત દર્શાવી સહી સિકકો દર્શાવ્યા, તે દસ્તાવેજો ખોટા હોવાનું જાણતા હોવા છતાં સાચા તરીકે રેવન્યુ સત્તાધિકારી સમક્ષ ઉપયોગ કર્યા અને ફરિયાદી તથા અન્ય સહહિસ્સેદારોના નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરાવી ભારતીય દંડ સંહિતા કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

 સહી/–

મુદ્દા નં.૧ – નકારમાં

મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ

**ન્યાય નિર્ણય અને તારણો:–**

(૧૦) ઉપરોકત મુદ્દા અંગે ફરિયાદ પક્ષનો સમગ્ર મોખિક પુરાવો રેકર્ડ પરથી દસ્તાવેજોનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે ખાનગી ફરિયાદથી શરૂ થયેલું છે. ખાનગી ફરિયાદમાં પણ ફોજદારી કેસનો મુળભુત સિધ્ધાંત છે કે આરોપી સામેનો ગુનો ફરિયાદ પક્ષે શંકાથી પર પુરવાર કરવાનો આવશ્યક છે. ફરિયાદમાં કરાયેલ આક્ષેપો અથવા રેવન્યુ વિવાદના આધારે આરોપીઓને દોષીત ઠરાવી શકે નહીં. વધુમાં આરોપ પુરવાર કરવા માટે કાયદેસર, વિશ્વસનિય અને સ્વીકાર્ય પુરાવો જરૂરી છે.

(૧૧) હાલના કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબ ગંભીર આક્ષેપો છે. વધુમાં કલમ–૪૬૭ તથા ૪૬૮ માટે ખોટો દસ્તાવેજ બનાવવામાં આવ્યો હોવાનું અને તે દસ્તાવેજ બનાવમાં આરોપીની ચોકકસ ભુમિકા હોવાનું સાબિત થવું જરૂરી છે. વધુમાં કલમ–૪૭૧ માટે આરોપીઓએ ખોટા દસ્તાવેજને ખોટો હોવાનું જાણતા હોવા છતાં સાચા તરીકે ઉપયોગ કર્યો હોવાનું સાબિત થવું જોઈએ. વધુમાં કલમ–૧૨૦(બી) માટે આરોપીઓ વચ્ચે ગેરકાયદેસર કૃત્ય કરવા અંગે પૂર્વ સહમતિ અથવા કાવતરૂ સાબિત થવું જોઈએ.

(૧૨) હાલના કામે ફરિયાદ પક્ષે ફરિયાદી ભાઈલાલભાઈને આંક–૯૧ થી તપાસેલ છે. ફરિયાદી હાલના કેસમાં મુખ્ય સાક્ષી છે અને ફરિયાદના આક્ષેપોને સાબિત કરવા માટે તેમની જુબાની અત્યંત મહત્વપૂર્ણ છે પરંતુ ફરિયાદીની જુબાની જ ફરિયાદ પક્ષના કેસને પુરતુ સમર્થન

આપતા નથી. ફરિયાદીએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સર્વે નં.૨૬૭૮ માં તેમનું નામ કેવી રીતે કમી થયું તેની તેમને કોઈ જાત માહિતી નથી. વધુમાં તેમાં કોઈ ગેરરીતિ થયેલ હોય તેવી બાબત પણ તેમના ધ્યાનમાં આવેલ નથી. આ સદર કબુલાત ફરિયાદના મુળ આક્ષેપો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેમને કોઈ બનાવ બાબતે જાતમાહિતી નથી. આથી ખોટો દસ્તાવેજ કોણે બનાવ્યો, કયારે બનાવ્યો, કેવી રીતે બનાવ્યો, કયાં આરોપીએ તેમાં શું ભાગ લીધો, કયાં આરોપીએ તે દસ્તાવેજ રેવન્યુ અધિકારી સમક્ષ રજુ કર્યો આ તમામ અગત્યની બાબતો અંગે ફરિયાદી તરફથી કોઈ સીધી અને વિશ્વસનીય માહિતી મળતી નથી.

(૧૩) ફરિયાદમાં એવો ગંભિર આક્ષેપ છે કે, મૃત્યું પામેલ વ્યકિતઓને જીવીત બતાવી તેમના સહીસિકકા દર્શાવી સંમંતિ જવાબ તૈયાર કરવામાં આવેલ હતો. પરંતુ આ આક્ષેપ સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે મુળ સંમંતિ જવાબ, મુળ સ્ટેમ્પ પેપર, મુળ રેવન્યુ રેકર્ડ, હસ્તાક્ષર કે અંગુઠાના નિક્ષણાંતનો પુરાવો તથા રેવન્યુ કચેરીના રેકર્ડ કીપરનો પુરાવો તથા કોઈ સ્વતંત્ર સાક્ષીનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં ફોર્ઝરી જેવા ગંભીર ગુનામાં માત્ર ફરિયાદીની શંકા અથવા ફરિયાદમાં જણાવેલ હકીકત દોષસિધ્ધ માટે પુરતું નથી.

(૧૪) વધુમાં હાલના કેસમાં ફરિયાદી પોતે કહે છે કે, આર.ટી.એસ. અપીલમાં હુકમ થતા તેમનું નામ પુન:સ્થાપિત થઈ ગયેલ છે. તેઓ વધુમાં સ્વીકારેલ છે કે, સદર સર્વે નંબર હાલમાં કબજેદાર તરીકે તેમના નામ ચાલું છે અને ખેતર તેમના કબજા ભોગવટામાં

 સહી/-

છે અને તેઓ ત્યાં ખેતી કરે છે. વધુમાં તેઓ એ પણ સ્વીકારે છે કે, સદર જમીન બાબતે આરોપીઓ સાથે કોઈ તકરાર રહેતી નથી. આ હકીકત પર જણાય આવે છે કે ફરિયાદીનો મુળ વિવાદ રેવન્યુ રેકર્ડમાં નામ કમી થવા અને પુન:સ્થાપિત થવા અંગેનો હતો અને તે વિવાદ રેવન્યુ કાર્યવાહી દવારા નિકાલ થઈ ગયેલ છે.

(૧૫) ફરિયાદ પક્ષે આરોપી નં.૫ તલાટી કમ મંત્રી સામે પણ આક્ષેપ કરેલ છે કે, તેમણે ખોટા દસ્તાવેજને સહીસિકકા દવારા સમર્થન આપી રેવનયુ રેકર્ડમાં ખોટો ફેરફાર કરવામાં મદદ કરી. પરંતુ આરોપી નં. ૫ સામે કોઈ સરકારી રેકર્ડ, મુળ ફેરફાર નોંધ, પ્રમાણિત દસ્તાવેજ અથવા કચેરીના અધિકૃત સાક્ષીને તપાસવામાં આવેલ નથી. વધુમાં કોઈ વ્યકિત સરકારી કર્મચારી છે એટલા માત્રથી તેમની ફોજદારી જદાબદાર ઠરી શકતી નથી. તેની સામે ગુનાહીત ઈરાદો અને ચોકકસ કૃત્ય પુરાવાથી સાબિત થવું આવશ્યક છે. વધુમાં કલમ–૧૨૦(બી) હેઠળ કાવતરૂ સાબિત કરવા માટે માત્ર આરોપીઓ વચ્ચેનો સંબંધ અથવા જમીનનો વિવાદ પુરતો નથી. ફરિયાદ પક્ષે આરોપીઓ વચ્ચે ગેરકાયદેસર યોજના, સહમતિ, દસ્તાવેજ બનાવવાની પૂર્વ તૈયારીઓ અથવા એકબીજાની મદદથી ખોટો દસ્તાવેજ તૈયાર કરાવેલ હોય તે બાબતે કોઈ મજબુત પરિસ્થિતિજન્ય પુરાવો પણ રજુ કરેલ નથી. વધુમાં શંકા ગમે તેટલી પ્રબળ હોય પરંતુ તે પુરાવાનો વિકલ્પ બની શકતો નથી. વધુમાં કલમ–૧૧૪ નો આધાર પણ ત્યારે જ લેવામાં આવી શકે જયારે મુળ ગુનો પુરવાર થાય અને આરોપીઓની હાજરી તથા મદદાગારી પુરવાર થાય. હાલના

કેસમાં મુળ ગુનો જ પુરવાર થતો નથી. તેથી કલમ–૧૧૪ મુજબ દોષ ઠરાવવાની કોઈ કાયદેસર પરિસ્થિતિ ઉભી થતી નથી.

(૧૬) વધુમાં સમગ્ર પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ પક્ષ આરોપીઓ સામે આક્ષેપિત ગુનાઓના આવશ્યક તત્વો નિશંક:પણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફોજદારી ન્યાય શાસ્ત્રમાં આરોપી નિર્દોષ માનવાનો સિધ્ધાંત છે અને ફરિયાદ પક્ષે દોષશંકાથી પરે પુરવાર કરવો પડે છે. જો પુરાવામાં શંકા રહેતી હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ. આમ, ફરિયાદ પક્ષના મુખ્ય સાક્ષીની જુબાનીમાંથી જ આરોપીઓ સામે દોષારોપણ કરવા યોગ્ય પુરાવો ઉભો થતો નથી. આમ, ઉપરોકત ચર્ચાને ધ્યાનમાં રાખીને આ કોર્ટનો એવો મત છે કે ફરિયાદી આરોપીઓનો ગુનો વ્યાજબી શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી મુદૃા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – :: આખરી હુકમ :: –

(૧) આ કામના આરોપીઓ (ર) કોકીલાબેન તે કનુભાઇ રતીલાલ બીન શંકરભાર પરમારની વિધવા ઉ.વ.પુખ્ત, રહે.ભાથીજી મહારાજનું ફળીયું, તા.તારાપુર, જિ.આણંદ, (૪) મનુભાઇ સોમાભાઇ પરમાર ઉ.વ.પુખ્ત, રહે.તારાપુર, ઠે.પંચાયત ઘર સામે, તા.તારાપુર તથા (પ) તલાટી કમ મંત્રીશ્રી ઉ.વ.પુખ્ત, તારાપુર ગ્રામ પંચાયત, તારાપુર નાઓને ઈ.પી.કોડની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧ર૦(બી) તથા ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે આરોપી (૧) રમેશભાઇ રતીલાલ બીન શંકરભાઇ પરમાર (એબેટ), ઉ.વ.પુખ્ત, રહે.ભાથીજી મહારાજનું ફળીયું, તા.તારાપુર, જિ.આણંદ તથા આરોપી (૩) મનહરભાઇ છોટાભાઇ

 સહી/–

પરમાર (એબેટ) ઉ.વ.પુખ્ત, રહે.તારાપુર, હે.પંચાયત ઘર સામે, તા.તારાપુર નાઓની સામે એબેટ ગણવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે અને આરોપીઓએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજુ કરવા, અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજુ કરવી.

આ હુકમ આજ તા.૦૨, માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
DEEPAK DUTTA
at Tarapur
on 02/07/2026 17:09:13 IST.

સ્થળ: તારાપુર
તા.૦૨/૦૭/૨૦૨૬

(દિપક દત્તા)
જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
તારાપુર
(GJ-01685)

એ.એ.રાધનપુરી, ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩, તારાપુર



સહી/–